# 19 સામાજિક-આર્થિક ક્ષેત્રે સરકારની ભૂમિકા

Y9U1W4

ભારતે 'કલ્યાણ રાજ્ય' બનવાનો સંકલ્પ કર્યો છે તે માટે પ્રાચીન ભારતની 'સર્વજન હિતાય સર્વજન સુખાય' સમાજ- વ્યવસ્થાનું નિર્માણ કરવું ખૂબ જરૂરી છે.

સ્વતંત્રતા અગાઉ બહુ લાંબા સમય સુધી ભારતીય પ્રજા રાજકીય રીતે પરતંત્ર રહી. અંગ્રેજો અને તે અગાઉના શાસકોએ ઘણા પ્રમાણમાં સમાજના માનસને પણ સંકુચિત કરવાનો પ્રયત્ન કર્યો. પરિણામ સ્વરૂપ સ્વતંત્રતા બાદ ભારતીય સમાજ ક્યાંક કુરૂઢિઓમાં સંકળાયેલો હતો અને ક્યાંક આર્થિક અને સામાજિક રીતે અત્યંત વિષમ સ્થિતિમાં હતો. સમાજના આર્થિક તેમજ માનસિક વિકાસ વગર રાજકીય સ્વતંત્રતા અર્થહીન બની રહે તેવી પૂર્ણ સંભાવના છે. જેના કારણે ભારતની સરકારને બહુ જ પરિશ્રમ કરવાની અને લાંબા ગાળાનાં પગલાં ભરવાની જરૂરિયાત ઊભી થઈ હતી.

## મૂળભૂત જરૂરિયાતો

એક સમયે 'અન્ન, વસ્ત્ર અને ઓટલો' દરેક માનવ માટે સુલભ બને તેવા પ્રયત્ન થયા. દરેક વ્યક્તિને પોષક આહાર મળે, તન ઢાંકવાં વસ્ત્રો મળે અને રહેઠાણ મળે, તે પાયાની જરૂરિયાત ગણાવા લાગી. જેમ-જેમ નાગરિકો મુક્તિના શ્વાસ લેવા લાગ્યા, તેમ-તેમ શિક્ષણ, આરોગ્ય, શુદ્ધ પાણી, શુદ્ધ હવા, પોષક આહાર તેમજ આનંદ પ્રમોદ જેવાં ક્ષેત્રો તેમાં ઉમેરાતાં ગયાં. આ બધી બાબતો પ્રાપ્ત કરવા માટે દરેક પરિવાર પાસે પૂરતી નાણાકીય વ્યવસ્થા પણ થવી જોઈએ. આ વ્યવસ્થા દરેકને રોજગારી વિના શક્ય બને તેમ ન હતી. જેથી રોજગારીનાં નવાં-નવાં ક્ષેત્રોની શોધ પણ અનિવાર્ય બની.



મૂળભૂત જરૂરિયાત

## જરૂરિયાતો પૂર્ણ કરવાના પ્રયત્નો

સ્વતંત્રતા બાદ આપણી સરકારે લોકોના વિકાસ માટે વિવિધ યોજનાઓ બનાવી, ઔદ્યોગિક અને કૃષિના ક્ષેત્રે પરિવર્તનની જરૂરિયાત હતી. ભારતમાં કૃષિ માટે પર્યાપ્ત જમીન હતી પણ પરંપરાગત સાધનોથી ખેતી થતી હોવાથી પૂરતું ઉત્પાદન થતું ન હતું. આ માટેના ભરપૂર પ્રયત્નોના પરિણામે ભારત અન્નના ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબી બન્યું.

**પ્રવૃત્તિ**

- 'હરિયાળી ક્રાન્તિ' માટે થયેલા પ્રયત્નોની વિગતો મેળવી વર્ગખંડમાં ચર્ચા કરો.
- ગામના વડીલો પાસેથી આજથી પચાસ વર્ષ પહેલાં ગામની ખેતી તેમજ ખેડૂતોની પરિસ્થિતિ વિશે જાણકારી મેળવો.
- હાલમાં ગુજરાતના વિવિધ ભાગોમાં ભૂગર્ભ પાણીની સમસ્યા થયેલી છે. આ સમસ્યાનાં નિવારણ માટે જળસંચય કઈ રીતે કરી શકાય તેની માહિતી મેળવો.

ખેતીની સ્થિતિ સુધરતાં ખેડૂતોનું આર્થિક અને સામાજિક સ્તર ઊંચું આવ્યું તેવું આપણે અનુભવીએ છીએ. ખેતીના સ્તરને સુધારવા માટે અને ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે સહકારી પ્રવૃત્તિનો ફાળો પણ ઘણો મોટો જોવા મળે છે. ખેત-ઉત્પાદનોને વિશાળ બજાર મળી રહે તે માટે પણ ઘણા સારા પ્રયત્ન થઈ રહ્યા છે. ખેતીની સાથે સહકારી ક્ષેત્રે પશુપાલન અને દૂધ-ઉત્પાદનને પણ કેન્દ્રમાં રાખ્યું. જેણે 'શ્વેતક્રાંતિ'નાં મંડાણ કર્યાં અને તેમાં સફળતા પણ મળી છે.

ઔદ્યોગિક ક્ષેત્રનો આધાર દેશના સમાન વિકાસ માટે પણ જરૂરી છે. આ માટે પરિવહન અને કાચા માલની પ્રાપ્તિ જ્યાં હોય ત્યાં તેને આધારિત ઉદ્યોગો વિકસતા હોય છે. પણ તમામ વિસ્તારોમાં સ્થાનિક પરિસ્થિતિને આધારિત ઉદ્યોગો વિકસે તો ત્યાંના લોકોને રોજગારીની તકો મળી રહે. જે તેમના આર્થિક ઉત્થાનમાં કારણભૂત બને. આ માટે સરકાર દ્વારા નોંધપાત્ર પ્રયત્નો થતા રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં 'સ્પેશિયલ ઈન્ડસ્ટ્રિયલ ઝોન' બનાવવામાં આવ્યા છે. ત્યાં ઉદ્યોગ શરૂ કરનારને સરકાર દ્વારા ઉદ્યોગ માટેની સુવિધાઓ વાજબી ભાવમાં આપવામાં આવે છે. તેમજ કેટલાક સમય સુધી જુદા-જુદા કરવેરામાંથી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પણ મુક્તિ આપવામાં આવે છે. આવી વિવિધ યોજનાઓના પરિણામે રાષ્ટ્રનો ઔદ્યોગિક વિકાસ પણ સારો થયો છે. જેનાથી સમાજનો આર્થિક વિકાસ થયો. લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું હોય તેવું અનુભવાય છે.

**પ્રવૃત્તિ**

ગામના વડીલોનો સંપર્ક કરી ગામમાં પચાસ વર્ષ પહેલાં કેવાં મકાનો હતાં ? તે જાણો. તે સમયે ગામમાં પાકાં મકાનોની સુવિધા હતી ? લોકો કેવાં કપડાં પહેરતાં હતાં ? હવે, પહેરવેશ તેમજ મકાનોની સ્થિતિમાં બદલાવ આવ્યો છે ? બદલાવ આવ્યો હોય તો તેનાં કારણો જાણો.

## શિક્ષણ અને આરોગ્યનાં ક્ષેત્રો

સ્વતંત્રતા અગાઉ શિક્ષણ અને આરોગ્યની બાબતમાં લોકો ઓછા જાગૃત હતા તેમ કહેવું કેટલેક અંશે સાચું છે. અનેક ગામડાં ભારતના જનજીવનની તાસીર સમાં હતાં. તેમાં પ્રાથમિક શિક્ષણ તેમજ આરોગ્યની ખાસ સુવિધાઓ ન હતી. લોકશાહીને સફળ બનાવવા પણ શિક્ષણના પ્રસારની જરૂરિયાત હતી. સરકાર દ્વારા તેમજ કેટલાક અંશે જાહેર સંસ્થાઓ મંડળો દ્વારા તે ક્ષેત્રમાં ખૂબ જ સારા પ્રયત્નો થયા છે.

દરેક ગામમાં શાળાનું સ્વપ્ન મહદંશે સિદ્ધ થયું છે. તેની સામે આરોગ્યની સુવિધા ઉપલબ્ધ કરાવવી એટલી જ જરૂરી હતી. આ ક્ષેત્રમાં ખૂબ જ કામ કરવા છતાં હજુ સારવારના અભાવે બાળકો તેમજ પ્રસૂતાઓનાં મૃત્યુની ઘટનાઓ જોવા મળે છે. ગ્રામ્ય કક્ષા સુધી આરોગ્ય કાર્યકર્તાઓ હોવા છતાં કેટલીક ગેરમાન્યતાઓના કારણે લોકો સુવિધાનો લાભ ન લેતા હોય તેવા પ્રસંગો પણ બને છે. આમ છતાં આ ક્ષેત્રમાં ખૂબ જ સારા પ્રયત્નો થયા છે.



શિક્ષણ અને આરોગ્યનાં ક્ષેત્ર

**પ્રવૃત્તિ**

- અકસ્માત કે આકસ્મિક બીમારી સમયે 108 નંબર ઉપર ફોન કરી કેવી સુવિધા મેળવી શકાય છે તે જાણો.
- તમારા નગર/ગામને સ્વચ્છ રાખવામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા શું કરે છે ? તેમજ લોકોની ફરજ શું બને છે તેની ચર્ચા કરો.

## સામાજિક વિકાસ દ્વારા જીવન-પરિવર્તન

ભારતની સમાજ-વ્યવસ્થામાં કેટલાક વર્ગો માટે સુવિધાઓ જ ઉપલબ્ધ ન હતી. ક્યાંક તેઓને સામાજિક રીતે પણ પછાત ગણવામાં આવતા હતા, તો ક્યાંક આવા વંચિત વર્ગોને મૂળભૂત માનવ અધિકારો પણ આપવામાં આવતા ન હતા.

ભારતીય બંધારણના આવા વર્ગોની યાદી પરિશિષ્ટમાં આપવામાં આવી છે અને આ વર્ગો માટે શિક્ષણ તેમજ રોજગારીના ક્ષેત્રમાં કેટલીક સુવિધાઓ પણ આપવામાં આવી છે. જેના કારણે આ વર્ગના વ્યક્તિઓ સમાજના અન્ય વર્ગોની હરોળમાં ઊભા રહેવા સક્ષમ બને છે. આ સાથે શિક્ષણના વિકાસના કારણે લોકોની માનસિકતા પણ બદલાઈ છે અને તમામ માનવને સમાન દરજ્જાથી જોવાની દૃષ્ટિ નિર્મિત થયેલી છે. જોકે આ ક્ષેત્રમાં હજુ કેટલાક અવરોધો દૂર કરવાની જરૂર છે.

ભારત સરકાર મૂળભૂત જરૂરિયાતો, શિક્ષણ અને આરોગ્યનાં ક્ષેત્રોમાં પોતાની ભૂમિકા ભજવે છે તે જ રીતે સરકાર દ્વારા જુદા-જુદા ક્ષેત્રોમાં લોકહિતને ધ્યાનમાં રાખી નિયમો બનાવેલા છે. આ નિયમોને અનુસરવું એ આપણા સૌની જવાબદારી બને છે. જેમાંનો એક માર્ગ સલામતી છે. આવો તેના વિશે જાણીએ.

## માર્ગ સલામતી

આજના વિશ્વમાં પરિવહન દરેક માનવીનું અભિન્ન અંગ બની ગયુ છે. રસ્તાઓ અંતર ઘટાડે છે, પરંતુ બીજીતરફ માર્ગ અકસ્માતો લાખો લોકોને ઈજા પહોંચાડે છે અને પરિણામે ઘણા લોકો પોતાનો જીવ ગુમાવે છે. માર્ગ સલામતીના નિયમો દ્વારા મુસાફરી કરનારા તમામને સુરક્ષા પૂરી પાડવાનો હેતુ છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### માર્ગ સલામતી મહત્ત્વ

દરરોજ અખબારો રસ્તાના અકસ્માતો અને દુર્ઘટનાઓના અહેવાલ આપે છે. માર્ગ અકસ્માતો અનિચ્છનીય ઘટનાઓ છે જે ઈજા અથવા મૃત્યુ તરફ દોરી જાય છે. આ મૃત્યુ અને ઈજાઓ નોંધપાત્ર સામાજિક અને આર્થિક નુકસાનમાં પરિણમે છે. સમસ્યા રસ્તાઓ સાથે છે; તે સાથે આપણી બેદરકારી પણ છે. જે આવી કમનસીબીમાં પરિણમે છે.

### માર્ગ અકસ્માતના કારણો

- મોટાભાગના જીવલેણ અકસ્માતો વધુ ઝડપને કારણે થાય છે. ઝડપમાં વધારો અકસ્માતનું જોખમ અને અકસ્માત દરમિયાન ઈજાની તીવ્રતાને વધારે છે.
- વાહન ચલાવતી વખતે વધુ ઝડપે બેફામ ડ્રાઈવિંગ, ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન, સંકેતોને સમજવામાં નિષ્ફળતા, થાક અને દારૂનો વપરાશ અકસ્માત નોતરે છે.
- પદયાત્રીઓની બેદરકારી, નિરક્ષરતા અને ખોટી જગ્યાએ રસ્તો ઓળંગવાથી અકસ્માતની સંભાવનાઓ વધી જાય છે. મુસાફરો દ્વારા હાથ કે મોં વાહનની બારી બહાર કાઢવા, ડ્રાઈવરો સાથે વાત કરવી, ચાલતી બસ પકડવી વગેરે પણ અકસ્માતનું કારણ બને છે.
- વાહનોની બ્રેક અથવા સ્ટિયરીંગની નિષ્ફળતા, ટાયર ફાટવું, અપૂરતી હેડલાઈટ, વધારે વજન ભરવું એ પણ અકસ્માતના કારણો છે.
- ક્ષતિગ્રસ્ત માર્ગ, ખાડાઓ, ધોવાઈ ગયેલા રસ્તા, ગ્રામીણ માર્ગનો હાઈવે, ડાયવર્ઝન પણ અકસ્માત સર્જી શકે છે.
- ધુમ્મસ, બરફ, ભારે વરસાદ, પવન, તોફાન અને કરા-વરસાદ જેવું વાતાવરણ પણ અકસ્માતનું કારણ બની શકે છે.
- લાલ લાઈટ ચાલુ હોવા છતાં રસ્તો ઓળંગવો એ અકસ્માતને નિમંત્રણ આપે છે.



### માર્ગ અકસ્માત નિવારવાના પગલા

**સરકારની ભૂમિકા:** ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા માર્ગ અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે ગંભીર પગલાં લેવામાં આવ્યાં છે:

- સંભવિત અકસ્માત ક્ષેત્રોના રસ્તા સુધારવા પગલાં લેવાં.
- વધુ ટ્રાફિકવાળા રસ્તા ઉપર ટ્રાફિક સિગ્નલો અને રસ્તાના ચિહ્નો સારી સ્થિતિમાં રાખવાં.
- શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં યોગ્ય રસ્તાઓનું નિર્માણ.
- બેફામ ગતિએ દોડતા વાહનોને પકડવા સીસીટીવી કેમેરા લગાવવા.
- જનતા ટ્રાફિક નિયમોને અનુસરે એ માટે સરકારશ્રી દ્વારા કેટલાક નિયમો બનાવવામાં આવ્યા છે. અને આ નિયમોના ભંગ બદલ દંડ અને સજાની જોગવાઈ પણ કરવામાં આવી છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### માર્ગ સલામતી સપ્તાહ/માસ

ટ્રાફિક નિયમો અંગે જનજાગૃતિને પ્રોત્સાહન આપવા અને માર્ગ અકસ્માતોને કારણે થતા નુકસાનને ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે માર્ગ સલામતી સંબંધિત વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. માર્ગ સલામતીને લગતાં શૈક્ષણિક બેનરો, સલામતી પોસ્ટર, પત્રિકાઓ અને પુસ્તિકાનું વિતરણ કરવામાં આવે છે. ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર સામાન્ય રીતે દર વર્ષે જાન્યુઆરી મહિના દરમિયાન ''માર્ગ સલામતી સપ્તાહ/માસ'' જાગૃતિનું આયોજન કરે છે.

**જાણવું ગમશે**

**વિશ્વ સ્મૃતિ દિવસ**

રોડ અકસ્માતના ભોગ બનેલા લોકો માટે વિશ્વ સ્મૃતિ દિવસ દર વર્ષે નવેમ્બરમાં ત્રીજા રવિવારે ઉજવાય છે. તેની શરૂઆત 1993માં બ્રિટીશ રોડ ક્રેશ પીડિત ચેરિટી, રોડ પીસ દ્વારા કરવામાં આવી હતી અને 2005 માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા તેને અપનાવવામાં આવી હતી. દર વર્ષે ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર દ્વારા માર્ગ અકસ્માત બાબતે લોકજાગૃતિ કેળવાય તે માટે અલગ અલગ વિભાગ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

### મીડિયાની ભૂમિકા

રેડિયો, ટીવી, ફિલ્મો અને જાહેરાત જેવા માધ્યમો માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવાની જવાબદારી ઉપાડી શકે છે.

### માતાપિતા અને શિક્ષકોની ભૂમિકા

વાલીઓ અને શિક્ષકો નાના બાળકોને માર્ગ સલામતી શિક્ષણ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો બાળકના માતાપિતા ટ્રાફિકના નિયમોનું ઉલ્લઘંન કરે છે તો બાળક પણ ભવિષ્યમાં તેની શરૂઆત કરશે. બાળકોમાં ખોટી આદત વિકસિત ન થાય તે માટે ડ્રાઈવિંગનું ખોટું અનુકરણ કરતી વિડીયો અને કમ્પ્યૂટર ગેમ્સ રમતા બાળકોને માતાપિતા દ્વારા અટકાવવા જોઈએ. બાળકોને ટ્રાફિક સિગ્નલો અને નિયમો વિશે શીખવામાં સહાય કરો. તેમને રાહ જોવાની સૂચના આપો. સાચો સંકેત અને રસ્તો ઓળંગતી વખતે ઝીબ્રા ક્રોસિંગનો ઉપયોગ કરવા સમજ આપો. તેમને ચેતવણી આપો કે રસ્તાની આજુબાજુ અથવા રસ્તા પર ન દોડો. રસ્તા પર ચાલતી વખતે ફૂટપાથનો ઉપયોગ કરવાનું શીખવો. બાળકોને નાનપણથી જ માર્ગ સલામતીનું શિક્ષણ આપો.

### વ્યક્તિગત જવાબદારી

માર્ગ સલામતી એ વ્યક્તિગત જવાબદારી વધુ છે. જે વાહન ચલાવે છે તેણે ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે તાલીમ અને પરીક્ષણોમાંથી પસાર થવાનું હોય છે. ડ્રાઈવિંગ લાયસન્સ, વાહનને લગતા અન્ય દસ્તાવેજો રાખવા ફરજિયાત છે. આપણી કેટલીક વ્યક્તિગત જવાબદારીઓ માર્ગ સલામતી માટે અત્યંત આવશ્યક છે, જે નીચે પ્રમાણે છે.

- પ્રથમ રાહદારીઓને ઝીબ્રા ક્રોસિંગ પહેલા પસાર કરવા દેવું.
- ડ્રાઈવિંગ કરતી વખતે મોબાઈલનો ક્યારેય ઉપયોગ કરશો નહીં.
- સીટબેલ્ટ અકસ્માતમાં કારમાં બેઠેલા વ્યક્તિના મૃત્યુની સંભાવના 60% થી વધુ ઘટાડે છે. આથી સીટબેલ્ટ અવશ્ય પહેરો.
- સારી ગુણવત્તાવાળું હેલ્મેટ માથામાં ગંભીર ઈજા થવાની શક્યતા 70% થી વધુ ઘટાડે છે. આથી ટુ વ્હીલર ચલાવતી વખતે તમારા માથાનું રક્ષણ કરવા માટે હેલ્મેટ પહેરો.
- ક્યારેય પણ જોખમી રીતે વધુ ઝડપે વાહન ના હંકારો.
- ટ્રાફિકના નિયમો અને સંકેતોનું પાલન કરો.
- નશાની હાલતમાં વાહન ચલાવવું નહિ.
- બ્રેક ન લાગે તો ગંભીર અકસ્માતમાં પરિણમી શકે છે. તેથી વાહન સારી સ્થિતિમાં હોવું જોઈએ અને નિયમિત સમયે મરામત/જાળવણી કરવી.
- રસ્તો બધા વાપરી શકે તે રીતે ઉપયોગ કરો.
- ગતિ મર્યાદાઓનું પાલન કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**સલાહ/સૂચનો : માર્ગ સલામતી બાબતે**

- માનવરહિત રેલવે ક્રોસિંગ પર સ્વયં સંચાલિત માર્ગ અવરોધક મૂકવા જોઈએ.
- સાઈકલ સવારો માટે એક અલગ માર્ગ ઘણા લાભો આપશે અને માર્ગ અકસ્માતો ઘટાડશે.

**પ્રવૃત્તિ**

- માર્ગ સલામતી આધારિત કાર્યક્રમ અભ્યાસક્રમમાં સમાવવો પડશે. આ વિષય પર સૂત્રો લખવા, અને ચિત્રો દોરવાં જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.
- માર્ગ સલામતી અંગે જાગૃતિ આવે તેવા કાર્યક્રમ દ્વારા જીવંત ઉદાહરણોનું વર્ણન કરવું અને વીડિયો રજૂ કરવા.

**અન્ય ક્ષેત્રો અને સરકાર**

સરકારની ભૂમિકા માનવજીવનનાં અનેક ક્ષેત્રોને સ્પર્શે છે. દરેકને પોષક આહાર મળે, શુદ્ધ હવા, શુદ્ધ પાણી મળે તે માટે પણ કેટલાંક પગલાં ભરવામાં આવી રહ્યાં છે. કેટલીક વાર અસામાન્ય પરિસ્થિતિમાં સરકારની સાથે લોકો પણ જોડાતા હોય છે. પૂર, ભૂકંપ જેવી આપત્તિઓની સ્થિતિમાં હજારો લોકો માટે તાત્કાલિક પાણી અને ભોજનની વ્યવસ્થા પ્રજાના સહકાર વગર માત્ર સરકાર કરી શકે નહિ.

સામાન્ય પરિસ્થિતિમાં સમાજના તમામ વર્ગના લોકોને યોગ્ય પ્રમાણમાં પૂરતો પોષક આહાર મળે તેમજ પીવાનું પાણી મળી રહે તે માટે ઘણા સારા પ્રયત્નો થયા છે. તેમજ માણસોને એ અધિકારરૂપે આપવામાં આવ્યા છે.

**પ્રવૃત્તિ**

લોકોની સુવિધા માટેની વિવિધ સરકારી યોજનાઓની માહિતી મેળવો. જાહેર શૌચાલયો, દરેક ઘરે પાણી પહોંચાડવું, આવાસ યોજના, સ્વચ્છતા, આરોગ્ય સેવાઓ, શિક્ષણ સંસ્થાઓની વિગતો નોંધો.

**સરકારી યોજનાઓ અને અર્થતંત્ર**

આપણે જોયું દરેક નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવે અને તેમને પ્રાથમિક સુવિધાઓ મળે તે માટે સરકારને ઘણાં નાણાં ખર્ચવાં પડે છે. આ માટે સરકાર વિવિધ કર ઉઘરાવી આવક ઊભી કરે છે.

ક્યારેય વિચાર કર્યો છે કે, તમારા ગામમાં આવતી બસ તમને કેટલી સુવિધા આપે છે ? પણ નાનાં ગામડાં સુધી આ બસ મોકલવા માટે પ્રત્યેક દિવસે સરકારને કેટલો ખર્ચ થતો હશે ? નાના ગામ સુધી રોજેરોજ પરિવહન સેવા ચલાવવી એ ખોટનો ધંધો સરકાર શા માટે કરતી હશે ? અહીં રોજિંદી સેવા આપવા પાછળ સરકાર જે ખર્ચ કરે છે તેમાં નફો રાખવાનો આશય હોતો નથી પરંતુ લોકોને સુવિધા આપવાનો હેતુ હોય છે. ઓછી આવક ધરાવતાં પરિવારોને અનાજ, તેલ, ખાંડ જેવી સામગ્રી ઉત્પાદન ખર્ચ કરતાંય ઓછા ભાવે આપવામાં આવે છે. આ પણ નાગરિકોને પાયાની સુવિધા આપવાના હેતુથી જ કરવામાં આવતી વ્યવસ્થા છે. આ સુવિધા આપવા માટે કેટલાંક ક્ષેત્રોમાં વધારે ટૅક્સ નાખવાની ફરજ પડે છે. સરકાર આ આવકમાંથી જ લોકકલ્યાણનાં કાર્યો કરી શકે છે.

**પ્રવૃત્તિ**

- તમારા વિસ્તારની નજીકમાં એવી વસાહતની મુલાકાત લો અને ત્યાં મકાન માટે સરકારે આપેલ જગ્યા તેમજ બાંધકામ માટે આપેલ સહાયની માહિતી મેળવો.
- સામાન્ય રેસ્ટોરન્ટમાં જમવા જનાર પાસે જમવાના પૈસા ઉપરાંત ટૅક્સ લેવામાં આવતો નથી. પણ કોઈ મોટી હોટલમાં જમવા જઈએ તો જમવાના બિલમાં ટૅક્સ ઉમેરવામાં આવે છે. આને શા માટે ભેદભાવ ન ગણાય ? ચર્ચા કરો.
- કેવા લઘુઉદ્યોગોને સરકારે છૂટછાટ આપવી જોઈએ. તે કોઈ તજજ્ઞ પાસેથી જાણો.
- લોકોને રોજગારી મળી રહે તે માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ (મનરેગા), જવાહર રોજગાર યોજના, આત્મનિર્ભર ભારત જેવી યોજનાઓની માહિતી મેળવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સ્વાધ્યાય

**1. ટૂંકમાં ઉત્તર આપો :**

(1) કેવા સંજોગોમાં રાજકીય સ્વતંત્રતાનો કોઈ અર્થ રહેતો નથી ?
(2) માનવની મૂળભૂત જરૂરિયાતો કઈ-કઈ છે ?
(3) દેશમાં 'શ્વેતક્રાંતિ'થી કયો લાભ થયો છે ?
(4) સરકારની આવકના સ્રોત કયા છે ? કોઈ બે સ્રોત અંગે લખો.
(5) માર્ગ સલામતી સપ્તાહ કયા માસમાં ઊજવવામાં આવે છે?
(6) ડ્રાઈવીંગ લાઈસન્સ મેળવવા માટે કઈ પ્રક્રિયામાંથી પસાર થવું પડે?

**2. ટૂંક નોંધ લખો :**

(1) શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે સરકારની ભૂમિકા
(2) કૃષિના ક્ષેત્રે આવેલ પરિવર્તન
(3) માર્ગ અકસ્માત માટે મુખ્ય કારણો

**3. સમજાવો :**

(1) ખેતી અને પશુપાલનના ક્ષેત્રે થયેલ વિકાસ અને તેની ખેડૂતોનાં જીવનધોરણ ઉપર થયેલી અસર
(2) કેટલીક વસ્તુઓ ઉપર વધારાનો ટેક્સ નાખવાની જરૂરિયાત
(3) સ્પેશિયલ ઈન્ડસ્ટ્રિયલ ઝોનમાં ઉદ્યોગ શરૂ કરવાથી મળતા લાભો
(4) અકસ્માત નિવારવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# ● ચાલો, સમજ ચકાસીએ ●

## 1 ભારતમાં યુરોપિયનો અને અંગ્રેજી શાસનની સ્થાપના

(1) 15મી સદીમાં યુરોપમાં આવેલાં સામાજિક અને ધાર્મિક પરિવર્તનો કયાં નામે ઓળખાય છે ?

(A) નવજાગૃતિ (B) ઔદ્યોગિક ક્રાંતિ

(C) ભૌગોલિક શોધખોળો (D) સામાજિક જાગૃતિ

(2) ભારતમાં આવેલ યુરોપિયન પ્રજાઓ માટે નીચેનામાંથી કયો ક્રમ યોગ્ય છે ?

(A) પોર્ટુગીઝો, ડચ, અંગ્રેજ, ફ્રેન્ચ (B) ડચ, પોર્ટુગીઝો, અંગ્રેજ, ફ્રેન્ચ

(C) ફ્રેન્ચ, ડચ, અંગ્રેજ, પોર્ટુગીઝો (D) અંગ્રેજ, પોર્ટુગીઝો, ડચ, ફ્રેન્ચ

(3) બકસરના યુદ્ધથી અંગ્રેજોને ભારતના કયા પ્રદેશોના દીવાની (મહેસૂલી) અધિકારો પ્રાપ્ત થયા હતા ?

(A) બિહાર, ઉત્તરપ્રદેશ, પંજાબ (B) મૈસૂર, પૂના, બંગાળ

(C) બંગાળ, બિહાર, ઓરિસ્સા (D) ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, મૈસૂર

(4) ભારતમાં કયા કાયદા અંતર્ગત સર્વોચ્ચ અદાલતની સ્થાપના થઈ હતી ?

(A) ઈ.સ. 1784 - પિટ્ટનો ધારો (B) ઈ.સ. 1773 - નિયામક ધારો

(C) ઈ.સ. 1793 - કોર્નવૉલિસ કાયદો (D) ઈ.સ. 1833 - ચાર્ટર ઍક્ટ

(5) ફોર્ટ વિલિયમ કૉલેજની સ્થાપના કયા સ્થળે થઈ હતી ?

(A) મુંબઈ (B) મદ્રાસ (C) દિલ્લી (D) કલકત્તા

## 2 ભારતમાં બ્રિટિશ શાસન (ઈ.સ. 1757 થી ઈ.સ. 1857)

(1) કાયમી જમાબંધી, રૈયતવારી અને મહાલવારી જમીન મહેસૂલ પદ્ધતિની શરૂઆત કરનાર હતા...

(A) વેલેસ્લી, થોમસ મૂનરો, એલ્ફિન્સ્ટન

(B) કોર્નવૉલિસ, થોમસ મૂનરો, હોલ્ટ મેકેન્ઝે

(C) થોમસ મૂનરો, વેલેસ્લી, ડેલહાઉસી

(D) કોર્નવૉલિસ, વેલેસ્લી, થોમસ મૂનરો

(2) નીચેના આદિવાસી વિદ્રોહને કાલાનુક્રમમાં ગોઠવો :

(A) સાંથાલ, કૌલ, બશીર, વારલી (B) બશીર, સાંથાલ, કૌલ, વારલી

(C) કૌલ, સાંથાલ, બશીર, વારલી (D) સાંથાલ, બશીર, કૌલ, વારલી

(3) ઉલગુલાનનો અર્થ...

(A) કૂચ (B) મહાન વિદ્રોહ (C) લડાઈ (D) છાપામાર યુદ્ધ

(4) ગળીનાં રમખાણો કયા વર્ષે થયાં હતાં ?

(A) ઈ.સ. 1859-60 (B) ઈ.સ. 1865-66 (C) ઈ.સ. 1882-83 (D) ઈ.સ. 1891-92

(5) આદિવાસીઓમાં થતી સ્થળાંતરિત ખેતી કયા નામે ઓળખાતી હતી ?

(A) સ્થાઈ ખેતી (B) ઝૂમખેતી

(C) કૉન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરારખેતી) (D) ભાગબટાઈ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 3 ભારતનો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ

(1) નીચેનાં પૈકી કયું જોડકું યોગ્ય છે ?

(A) કાનપુર-નાનાસાહેબ, લખનૌ-બેગમ હજરત, જગદીશપુર-કુંવરસિંહ

(B) કાનપુર-બેગમ હજરત, લખનૌ-કુંવરસિંહ, જગદીશપુર-નાનાસાહેબ

(C) લખનૌ-નાનાસાહેબ, જગદીશપુર-બેગમ હજરત, કાનપુર-કુંવરસિંહ

(D) જગદીશપુર-નાનાસાહેબ, કાનપુર-બેગમ હજરત, લખનૌ-કુંવરસિંહ

(2) ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામનું તાત્કાલિક કારણ નીચેના પૈકી કોને ગણી શકાય ?

(A) વહીવટી કારણ (B) ધાર્મિક કારણ

(C) ડેલહાઉસીની ખાલસાનીતિ (D) ચરબીવાળા કારતૂસો

(3) ઈ.સ. 1857ની ઘટનાને કયા લેખકે પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ ગણાવ્યો છે ?

(A) જવાહરલાલ નેહરુ (B) આર. સી. મજમૂદાર

(C) ડિઝરાયેલી (D) વી. ડી. સાવરકર

(4) ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ક્રાંતિકારીઓએ કોને ભારતના શહેનશાહ તરીકે જાહેર કરવાનું નક્કી કર્યું હતું ?

(A) બહાદુરશાહ બીજો (B) બરેલીના બહાદુરખા

C) અવધના વાજીદઅલીશા (D) સિરાજ ઉદ્દૌલા

(5) ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામમાં અંગ્રેજોનો વિજય થયો કારણ કે...

(A) શક્તિશાળી અને આધુનિક સેના (B) તાર-ટપાલ અને રેલવેની આધુનિક સેવા

(C) ભારતમાં કેન્દ્રીય નેતાગીરીનો અભાવ (D) આપેલા તમામ

## 4 અંગ્રેજ સમયનાં શહેરો, ગૃહઉદ્યોગો અને ઉદ્યોગો

(1) ઈ.સ. 1573માં અકબરે ગુજરાતનું કયું સમૃદ્ધ બંદર જીતી લીધું હતું ?

(A) ખંભાત (B) ભરૂચ (C) સુરત (D) માંડવી

(2) આધુનિક નવી દિલ્લીની ડિઝાઈન કયા સ્થપતિઓએ તૈયાર કરી હતી ?

(A) લૉર્ડ ઍલિસ અને એડવર્ડ લુટિયન્સ (B) એડવર્ડ લુટિયન્સ અને હર્બર્ટ/બેકર

C) હર્બર્ટ/બેકર અને જ્યૉર્જ ચોનોક (D) જ્યૉર્જ ચોનોક અને લૉર્ડ ઍલિસ

(3) વર્તમાન રાષ્ટ્રપતિભવન પહેલા કયા નામે ઓળખાતું હતું ?

(A) પાર્લામેન્ટ હાઉસ (B) ગવર્નર હાઉસ

(C) સેક્રેટેરિયેટ (D) વાઈસરૉય હાઉસ

(4) ગુજરાતમાં સૌપ્રથમ સુતરાઉ કાપડની મિલ સ્થાપનાર કોણ હતા ?

(A) બેચરદાસ લશ્કરી (B) રણછોડલાલ રેંટિયાવાળા

(C) અંબાલાલ સારાભાઈ (D) શાંતિલાલ ઝવેરી

(5) ભારતમાં સૌપ્રથમ લોખંડનું કારખાનું ક્યાં સ્થપાયું હતું ?

(A) જમશેદપુર (સાકચી) (B) દિલ્લી

(C) મુંબઈ (D) કોલકાતા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 5 અંગ્રેજ શાસન સમયની શિક્ષણ અને સમાજવ્યવસ્થા

(1) ઈ.સ. 1854માં અમલમાં આવેલો ચાર્લ્સ વુડનો ખરીતો શેની સાથે સંબંધ ધરાવતો હતો ?

(A) ભારતીય શિક્ષણ પ્રણાલીને બદલે યુરોપિયન શિક્ષણ પ્રણાલી અપનાવવી.

(B) માતૃભાષામાં શિક્ષણ આપવું.

(C) ભારતમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવી.

(D) (A) અને (C) બંને

(2) મહાત્મા ગાંધીની પ્રેરણાથી સ્થપાયેલી ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ હતી....

(A) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (B) જામિયા-મિલિયા-ઈસ્લામિયા, દિલ્લી

(C) બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી (D) ઉપર્યુક્ત તમામ

(3) ભારતીય નવજાગૃતિના જનક તરીકે કયા મહાનુભાવને ઓળખવામાં આવે છે ?

(A) દયાનંદ સરસ્વતી (B) રવીન્દ્રનાથ ટાગોર

(C) રાજા રામમોહનરાય (D) સ્વામી વિવેકાનંદ

(4) રવીન્દ્રનાથ ટાગોરને તેમની કઈ કૃતિ માટે નોબેલ પારિતોષિક પ્રાપ્ત થયો હતો ?

(A) ગીતાંજલિ (B) ગોરા (C) ઘરે બાહિરે (D) ચોખેરબાલી

(5) કન્યાનાં લગ્નની વય નક્કી કરતાં કાયદાઓ કયા-કયા હતા ?

(A) બ્રહ્મવિવાહ નિયમ (B) વય-સંમતિ ધારો

(C) શારદા અધિનિયમ (D) આપેલા તમામ

## 6 સ્વાતંત્ર્ય-ચળવળો(ઈ.સ. 1885 થી ઈ.સ. 1947)

(1) ઈલ્બર્ટ બીલનો હેતુ શો હતો ?

(A) ભારતીય ન્યાયાધીશ પણ યુરોપિયન નાગરિકનો કેસ ચલાવી શકે તેવી જોગવાઈ કરવી.

(B) ભારતમાં અંદાજપત્ર રજૂ કરવાની શરૂઆત.

(C) રાજદ્રોહનો કેસ ચલાવવા માટેની જોગવાઈ.

(D) હથિયારબંધી કાયદો લાગુ કરવો.

(2) નીચેના પૈકી કયા નેતા મવાળવાદી ન હતા ?

(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) ફિરોજશાહ મહેતા

(C) દિનશા વાચ્છા (D) બિપીનચંદ્ર પાલ

(3) વિદેશમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ક્રાંતિકારીઓમાં કોનો સમાવેશ થાય છે ?

(A) શ્યામજીકૃષ્ણ વર્મા (B) મૅડમ ભીખાઈજી કામા

(C) વીર સાવરકર (D) ઉપર્યુક્ત તમામ

(4) માનગઢ હત્યાકાંડની ઘટના સમયે કયા સ્વાતંત્ર્યસેનાની આદિવાસી સમાજનું નેતૃત્વ કરતા હતા ?

(A) બિરસા મુંડા (B) ઠક્કરબાપા (C) ગોવિંદ ગુરુ (D) એક પણ નહિ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(5) અસહકાર આંદોલન સાથે નીચે પૈકી કઈ બાબતો સંકળાયેલી હતી ?
(A) શાળા-કૉલેજોનો બહિષ્કાર (B) ખાદીનો પ્રચાર-પ્રસાર
(C) દારૂબંધી (D) આપેલા તમામ

## 7 આધુનિક ભારતમાં કલા

(1) ઈ.સ. પૂર્વે 7000ના પાષાણયુગીન કાળમાં કઈ ગુફામાંથી ચિત્રો મળી આવ્યાં હતાં ?
(A) નરસિંહ ગઢ (B) ભીમબેટકા (C) અજંતા (D) ઈલોરા
(2) દેવી સરસ્વતીનું જાણીતું ચિત્ર કયા ચિત્રકારે દોરેલ છે ?
(A) રવીન્દ્રનાથ ટાગોર (B) રવિશંકર રાવળ
C) રાજા રવિવર્મા (D) અવનીન્દ્રનાથ ટાગોર
(3) મન્સૂર અને બિશનદાસ જેવા વિખ્યાત ચિત્રકારો કઈ ચિત્રશૈલી સાથે સંકળાયેલ હતા ?
(A) કાંગડા શૈલી (B) રાજપૂત શૈલી (C) પાલ શૈલી (D) મોગલ શૈલી
(4) નીચેનામાંથી કઈ ચિત્રશૈલી ગુજરાત સાથે સંકળાયેલી છે ?
(A) ફાડ ચિત્રશૈલી (B) ગોંડ ચિત્રશૈલી
(C) પીઠોરા ચિત્રશૈલી (D) કલમકારી ચિત્રશૈલી
(5) નીચેના પૈકી પ્રદર્શન કલાનું કયું ઉદાહરણ સાચું છે ?
(A) ચિત્રકળા (B) હસ્તકળા (C) નૃત્યકળા (D) શિલ્પકળા

## 8 સ્વતંત્રતા પછીનું ભારત

(1) GSLV એટલે...
(A) જિયોગ્રાફિકલ સેટેલાઈટ લાઈટ વ્હિકલ
(B) ઝીયોસિન્ક્રોનાસ સેટેલાઈટ લોન્ચ વ્હિકલ
(C) જિઓસ્પેસિફિક સેટેલાઈટ લોન્ચ વ્હિકલ
(D) જિઓ સ્ટેટિક લાઈટ વ્હિકલ
(2) વિશ્વયોગ દિવસની ઉજવણીનો નિર્ણય કરનાર સંસ્થા છે....
(A) કૉમનવેલ્થ રાષ્ટ્રો (B) ભારતીય યોગવિદ્યા કેન્દ્ર
(C) યુનાઈટેડ નેશન્સ (UN) (D) ભારતીય સંસ્કૃતિ ભવન
(3) બંધારણસભાએ ભારતનું બંધારણ ક્યારે પસાર કર્યું હતું ?
(A) 26 જાન્યુઆરી, 1950 (B) 15 ઑગસ્ટ, 1947
(C) 26 જુલાઈ, 1948 (D) 26 નવેમ્બર, 1950
(4) ગોવા મુક્તિ આંદોલન સંબંધિત છે...
(A) ભારતમાં અંગ્રેજી શાસનને સમાપ્ત કરવા માટે.
(B) ભારતમાંથી પોર્ટુગલ સંસ્થાનો દૂર કરવા માટે.
(C) ભારતમાંથી ફ્રાન્સીસી સંસ્થાનો દૂર કરવા માટે.
(D) ભારતમાંથી ડચ સંસ્થાનો દૂર કરવા માટે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(5) ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા ?

(A) ડૉ. જીવરાજ મહેતા (B) બળવંતરાય મહેતા

(C) ઢેબરભાઈ (D) મોરારજી દેસાઈ

## 9 સંસાધન

(1) નીચેનામાંથી કયું સંસાધન માનવસર્જિત નથી.

(A) ચિરોડી (B) વિદ્યુત (C) ચૂનો (D) ખનિજતેલ

(2) જો તમે સૌરઊર્જા, જળઊર્જા, જૈવ ઇંધણ, પવનઊર્જા જેવાં ઊર્જાનો ઉપયોગ કરો છો, તો તે કેવા પ્રકારનાં સંસાધનો છે ?

(A) નવીનીકરણ

(B) બિનનવીનીકરણ

(C) નવીનીકરણ અને બિનનવીનીકરણ બંને

(D) ઉપર્યુક્તમાંથી એક પણ નહિ

(3) હું સર્વસુલભ સંસાધન છું ?

(A) ધાતુ (B) ઑક્સિજન (C) યુરેનિયમ (D) ખનિજતેલ

(4) પૃથ્વી પર મીઠા પાણીનો જથ્થો કેટલા પ્રમાણમાં છે ?

(A) 71 % (B) 29 % (C) 2.7 % (D) 4.8 %

(5) નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ સંસાધનોનું સંરક્ષણ કરતી નથી ?

(A) છાણિયા ખાતરનો વપરાશ

(B) ટપકસિંચાઈ પદ્ધતિ અપનાવવી.

(C) રાસાયણિક ખાતરનો વધુ ઉપયોગ કરવો.

(D) ઘરમાં કિચનગાર્ડન બનાવવું.

## 10 ખનિજ અને ઊર્જા-સંસાધન

(1) લદ્દાખમાં કયા પ્રકારનો ઊર્જાનો પ્લાન્ટ આવેલ છે ?

(A) પવનઊર્જા (B) ભૂ-તાપીય ઊર્જા

(C) ભરતીઊર્જા (D) સૌર-ઊર્જા

(2) બાયોગૅસ વિશે કયું વિધાન સાચું છે ?

(A) તેમાંથી નિંદણમુક્ત જૈવિક ખાતર પ્રાપ્ત થાય છે.

(B) બાયોગૅસ સસ્તો અને ઉપયોગમાં સરળ છે.

(C) બાયોગૅસ રસોઈ બનાવવામાં ઉપયોગી છે.

(D) આપેલા તમામ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(3) 'કાળું સોનું' કોને કહેવામાં આવે છે ?

(A) કોલસો (B) ખનીજતેલ (C) યુરેનિયમ (D) પ્લેટિનિયમ

(4) નીચેનામાંથી કયું એક ધાતુમય ખનીજ નથી ?

(A) સોનું (B) તાંબું (C) કોલસો (D) લોખંડ

(5) ગુજરાતમાં ગરમ પાણીનાં ઝરા ક્યાં આવેલાં છે ?

(A) લસુન્દ્રા (B) ઉનાઈ (C) તુલસીશ્યામ (D) આપેલા તમામ

## 11 ખેતી

(1) બાજરીના પાક માટે કયા પ્રકારની જમીન વધારે અનુકૂળ હોય છે ?

(A) કાળી (B) રેતાળ (C) પર્વતીય (D) કાંપ

(2) ગુજરાતમાં ઘઉં-ઉત્પાદન કરતો કયો પ્રદેશ જાણીતો છે ?

(A) કાનમ પ્રદેશ (B) ભાલપ્રદેશ

(C) ચરોતર પ્રદેશ (D) પંજાબ પ્રદેશ

(3) કયા પ્રકારની ખેતીમાં વૃક્ષોને કાપીને તથા સળગાવીને કે જમીન સાફ કરીને ખેતી કરવામાં આવે છે ?

(A) સઘન ખેતી (B) સૂકી ખેતી (C) આર્દ્ર ખેતી (D) સ્થળાંતરિત ખેતી (ઝૂમ ખેતી)

(4) નીચેનામાંથી કયા પાક માટે ટપકસિંચાઈ પદ્ધતિ વધુ અનુકૂળ નથી ?

(A) ટામેટા (B) કપાસ (C) ઘઉં (D) પપૈયા

(5) નીચેનામાંથી કયું પરિબળ ખેતીના વિકાસને અસર કરતું નથી ?

(A) ફુવારા પિયત પદ્ધતિનો ઉપયોગ

(B) સુધારેલાં બિયારણોનો ઉપયોગ

(C) કૃષિમેળાઓ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન

(D) સિંચાઈનો સતત અને વધુપડતો ઉપયોગ

## 12 ઉદ્યોગ

(1) કયો ઉદ્યોગ સમુદ્ર આધારિત ઉદ્યોગ છે ?

(A) કાગળ ઉદ્યોગ (B) શણ ઉદ્યોગ (C) મત્સ્ય ઉદ્યોગ (D) સિમેન્ટ ઉદ્યોગ

(2) નીચેનામાંથી કયું સહકારી ક્ષેત્રનું ઉદાહરણ છે ?

(A) રિલાયન્સ (B) સ્ટીલ ઑથોરિટી ઑફ ઇન્ડિયા

(C) મારુતિ લિમિટેડ (D) અમૂલ ડેરી

(3) નીચેનામાંથી કયાં પરિબળો ઉદ્યોગોના સ્થાનીકરણ પર અસર કરે છે ?

(A) શ્રમ (B) ઊર્જા (C) મૂડી (D) આપેલા તમામ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(4) નીચેનામાંથી કયું સ્ટીલ ઉત્પાદક કેન્દ્ર નથી ?

(A) ભીલાઈ (B) જયપુર (C) જમશેદપુર (D) દુર્ગાપુર

(5) ઢાકાનું કયું કાપડ જગવિખ્યાત હતું ?

(A) મલમલ (B) સુતરાઉ કાપડ

(C) છિંટ (D) સોનેરી જરીવાળું કાપડ

## 13 માનવ-સંસાધન

(1) અમારા ગામમાં 7 થી વધુ ઉંમરની વસ્તી 700 છે તેમાંથી 630 વ્યક્તિ સાક્ષર છે, તો અમારા ગામનો સાક્ષરતા-દર શું હશે ?

(A) 80 % (B) 70 % (C) 90 % (D) 60 %

(2) ખૂબ જ ગરમ તથા ખૂબ જ ઠંડા વિસ્તારોની આબોહવા .......... આબોહવા કહેવાય છે ?

(A) સમ (B) વિષમ (C) સમાન (D) સમશીતોષ્ણ

(3) વસ્તીની દૃષ્ટિએ ભારતનું પ્રથમ ક્રમાંકનું રાજ્ય કયું છે ?

(A) હિમાચલ પ્રદેશ (B) રાજસ્થાન (C) ઉત્તરપ્રદેશ (D) મધ્યપ્રદેશ

(4) ભારતના કયા પ્રદેશમાં વધુ વસ્તી-ગીચતા જોવા મળે છે ?

(A) જમ્મુ-કશ્મીરનો પ્રદેશ (B) ગંગાનો મેદાનીપ્રદેશ

(C) રાજસ્થાનનું રણપ્રદેશ (D) દખ્ખણનો ઉચ્ચપ્રદેશ

(5) કયા રાજ્યનો સાક્ષરતા-દર સૌથી ઓછો છે ?

(A) અસમ (B) રાજસ્થાન (C) બિહાર (D) અરુણાચલ પ્રદેશ

## 14 આપત્તિ-વ્યવસ્થાપન

(1) કોરોના મહામારી દરમિયાન નીચેનામાંથી શું કરવું હિતાવહ નથી ?

(A) માસ્ક પહેરવું. (B) ક્વોરેન્ટિન

(C) સરકારના વખતોવખતના આદેશોનું પાલન (D) ભીડમાં એકઠા થવું.

(2) નીચેનામાંથી કયું દાવાનળ ઉદ્ભવવાનું કારણ નથી ?

(A) વીજળી પડવાથી આગ લાગવી.

(B) વૃક્ષોનાં ઘર્ષણથી આગ લાગવી.

(C) ભૂમિનો ઉપરનો ભાગ નીચે તરફ ઘસી જવો.

(D) જંગલમાંથી પસાર થતી વીજળીની લાઇનમાં અકસ્માત થવો.

(3) તીડનો ખોરાક શું નથી ?

(A) ધાન્ય (B) પુષ્પ (C) પર્ણ (D) લીમડો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(4) કઈ આપત્તિ એવી છે જે કુદરતી અને માનવસર્જિત છે ?

(A) ભૂકંપ (B) દાવાનળ (C) વાવાઝોડું (D) તીડનો પ્રકોપ

(5) ભારતનાં કયાં રાજ્યોમાં તીડનો પ્રકોપ વધુ જોવા મળે છે ?

(A) આંધ્રપ્રદેશ, તેલંગણા (B) ગુજરાત, રાજસ્થાન

(C) તમિલનાડુ, કેરલ (D) અસમ, મિઝોરમ

## 15 ભારતીય બંધારણ

(1) સ્વતંત્રતા બાદ બંધારણ ઘડવાની જરૂરિયાત કેમ પડી ?

(2) બંધારણસભા માટે વિવિધ ક્ષેત્રના તજ્જ્ઞ વ્યક્તિઓનો સમાવેશ શા માટે કરવામાં આવ્યો ?

(3) ભારતમાં સામાન્ય રીતે દર પાંચ વર્ષે ચૂંટણી યોજાય છે, જે કેવા પ્રકારની શાસન પદ્ધતિ દર્શાવે છે ?

(4) સ્ત્રી કરતાં પુરુષ વધારે ચડિયાતો ગણવામાં આવે ત્યારે કયા હકનું હનન થયું કહેવાય ?

(5) ગુજરાતનો નાગરિક જમ્મુ-કશ્મીરમાં જઈને વસવાટ કરી શકે છે, જે કયો હક મળ્યો છે તે દર્શાવે છે ?

(6) બસ, શાળા, જાહેર શૌચાલય જેવાં જાહેર સ્થળોનું રક્ષણ કરવું એ નાગરિક માટે કેમ જરૂરી છે ?

(7) બંધારણ-ઘડતરની પ્રક્રિયા સાથે કઈ બાબત બંધબેસતી નથી ?

(A) બંધારણસભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ મળી હતી.

(B) 26 જાન્યુઆરી, 1949માં બંધારણ તૈયાર થયું હતું.

(C) બંધારણસભાની 2 વર્ષ, 11 માસ, 18 દિવસમાં કામગીરી પૂર્ણ કરી હતી.

(D) બંધારણસભામાં કુલ 389 સભ્યો હતા.

(8) કાયદાની દૃષ્ટિએ બધા નાગરિકો સમાન : સમાનતાનો હક : નાગરિકોને અભિવ્યક્તિની છૂટછાટ : .........

(A) ધાર્મિક સ્વતંત્રતાનો હક (B) બંધારણીય ઈલાજોનો હક

(C) સ્વતંત્રતાનો હક (D) શોષણ સામે વિરોધનો હક

## 16 સંસદ અને કાયદો

(1) પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ચૂંટણીનું ઉદાહરણ આપો.

(2) સંસદમાં દરેક રાજ્યની વિધાનસભાનું પ્રતિનિધિત્વ કયા ગૃહમાં જોવા મળે છે ?

(3) 1 જાન્યુઆરી, 2005માં જન્મેલ નાગરિકને કઈ તારીખે મતાધિકાર મળવાપાત્ર છે ?

(4) રાષ્ટ્રપતિ માટે યોગ્ય ઉમેદવારની લાયકાત ધરાવતો નાગરિક બીજાં કયાં-કયાં સભ્યપદ માટે યોગ્ય હોઈ શકે ?

(5) રાજ્યસભાના સભાપતિની ચૂંટણી કેમ કરવામાં નથી આવતી ?

(6) રાષ્ટ્રપતિ દ્વારા કાયદો ઘડવામાં આવે છે કે મંજૂર કરવામાં આવે છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 17 ન્યાયતંત્ર

(1) ચોરી, લૂંટફાટ, મારામારી વગેરે કયા દાવાઓ કહેવાય ?

(A) દીવાની દાવા (B) ફોજદારી દાવા

(C) પારિવારિક દાવા (D) સંપત્તિ દાવા

(2) દેશની સર્વોપરી અદાલત કઈ છે ?

(A) જિલ્લા અદાલત (B) તાલુકા અદાલત

(C) સર્વોચ્ચ અદાલત (D) વડી અદાલત

(3) કઈ અદાલતના માધ્યમથી કેસોના ઝડપી અને સુખદ સમાધાન થાય છે.

(A) લોકઅદાલત (B) સેસન્સ અદાલત

(C) તાલુકા અદાલત (D) વડી અદાલત

(4) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને કઈ ખાસ પ્રક્રિયા દ્વારા હોદ્દા પરથી દૂર કરી શકાય છે ?

(A) રાજીનામાની પ્રક્રિયા (B) મહાભિનિષ્ક્રમણની પ્રક્રિયા

(C) મહાભિયોગની પ્રક્રિયા (D) એક પણ નહિ.

(5) કઈ અદાલતમાં ન્યાયાધીશ 25 લાખ સુધીના કેસોની સુનાવણી હાથ ધરે છે ?

(A) તાલુકા અદાલત (B) લોકઅદાલત

(C) જિલ્લા અદાલત (D) સેસન્સ અદાલત

(6) અનિલભાઈ ગુનો કરે છે ત્યારે અશોકભાઈનો હક છીનવાઈ જાય છે. તે સમયે ન્યાયની જરૂર પડે ત્યારે ન્યાય મેળવવા ક્યાં જશે ?

(7) રોજબરોજના કેસોના ભારણ ઘટાડવામાં કઈ અદાલતની રચના કરવામાં આવી છે ?

(8) અસમ, અરુણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલૅન્ડ અને ત્રિપુરા રાજ્યમાં શા માટે એક જ વડી અદાલત આવેલી છે ?

(9) રહીમભાઈની આર્થિક પરિસ્થિતિ ખૂબ નબળી છે. નોકરીના સ્થળે અન્યાયી પ્રવૃત્તિનો ભોગ બન્યા છે. આવી પરિસ્થિતિમાં પોતે ન્યાય મેળવવા ક્યાં જશે ?

## 18 સામાજિક ન્યાય અને સામાજિક વિસંગતતા

(1) દીપકભાઈ અને સમીરભાઈ કૉલેજકાળથી મિત્રો છે. દીપકભાઈ એક ઉદ્યોગપતિ છે અને સમીરભાઈ એક ખાનગી કંપનીમાં સામાન્ય વેતનથી નોકરી કરે છે, તો આ બંને મિત્રો વચ્ચે પ્રથમ નજરે કયા પ્રકારની અસમાનતા તમને જોવા મળશે ?

(A) જ્ઞાતિ (B) જાતિ (C) શિક્ષણ (D) આવક

(2) સામાજિક અસમાનતા ઊભી થવા પાછળ નીચેનામાંથી ક્યું કારણ જવાબદાર છે ?

(A) શિક્ષણનો અભાવ (B) સામાજિક કુરિવાજો

(C) રૂઢિગત માન્યતાઓ (D) આપેલા તમામ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(3) ભારતના બંધારણમાં નાગરિકો માટે ન્યાય આપવાની જોગવાઈઓમાં કયા પ્રકારના ન્યાયનો સમાવેશ થતો નથી ?

(A) સામાજિક (B) આર્થિક (C) અનૈતિક (D) રાજનૈતિક

(4) નીચેનામાંથી સંયુક્ત રાષ્ટ્રો દ્વારા આપવામાં આવેલ માનવ અધિકારોમાં કોનો સમાવેશ થાય છે ?

(A) શિક્ષણ મેળવવાનો અધિકાર (B) સંપત્તિનો અધિકાર

(C) અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર (D) આપેલા તમામ

(5) માનવ અધિકારો વિશ્વના તમામ દેશોમાં સમાન રીતે લાગું પાડવાની ઘોષણા કોના દ્વારા કરવામાં આવી હતી ? શા માટે ?

(6) ગુજરાતમાં સરપંચની ચૂંટણીમાં સરપંચનું સ્થાન કેટલીક વાર કોઈ મહિલા માટે અનામત રાખવામાં આવે છે ? આ જોગવાઈ શા માટે કરવામાં આવી છે ?

## 19 સામાજિક-આર્થિક ક્ષેત્રે સરકારની ભૂમિકા

(1) સમાજે જેમ પ્રગતિ કરી તેમ જરૂરિયાતોમાં બદલાવ આવ્યા, તે દર્શાવતું એક ઉદાહરણ આપો.

(2) નાનાં બાળકોનું સારવારના અભાવે મૃત્યુ ન થાય તે માટે સરકારે શું કરવું જોઈએ ?

(3) રાશનની દુકાનમાં મળતું અનાજ બજારભાવ કરતા ઓછા ભાવે કેમ આપવામાં આવે છે ?

•••



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# નોંધ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in